<u>**માનના પ્રકારો**</u>

૧. વાત-વાતમાં ખોટું લાગી જાય.
૨. કોઈની બી પાસે અપેક્ષા રહે.
૩. કોઈનો અભાવ આવી જાય.
૪. કોઈને વિશે ભાવફેર થઈ જાય.
૫. વાણીમાં કર્કશતા આવી જાય.
૬. સંબંધવાળા આગળ સરળ ન વર્તાય.
૭. કોઈની પણ ઈર્ષ્યા આવતી હોય.
૮. ખુલ્લાદિલે વાત ન થાય.
૯. પોતાના ગુણમાં રચાય.
૧૦. વડીલોની મર્યાદા ન રહે.
૧૧. વડીલોનો સ્વીકાર ન થાય.
૧૨. પ્રસંગે આનંદ જતો રહે.
૧૩. બીજાના દોષનું મનન-ચિંતન થાય.
૧૪. ડહાપણથી બોલાય.
૧૫. ભોળપણથી જીવાય.
૧૬. ક્રોધ આવી જાય.
૧૭. બીજાની નેગેટીવ વાતો થાય.
૧૮. પ્રસંગે બચાવ થાય.
૧૯. પ્રસંગે પોતાનો દોષ ન દેખાય.
૨૦. આત્મશ્લાઘા થાય.
૨૧. જરૂર કરતા વધુ પડતું બોલાય.
૨૨. જરૂર કરતા ઓછુ બોલાય.
૨૩. બીજાની ક્રિયા નોંધાય.
૨૪. બીજાને સમજાવી દેવાનો રાગ હોય.
૨૫. બીજા તરફ નજર જાય.

૨૬. પોતાના બળે જીવાય.
૨૭. પ્રસંગે ભગવાનનો આશરો ન લેવાય.
૨૮. પોતાની રીતનું જીવન જીવાય.
૨૯. મનમુખી વર્તાય.
૩૦. કોઈનોય ભાર ન રહે.
૩૧. ક્તૃત્ત્વનું જાણપણું રહે.
૩૨. આત્મીયતાથી ઉઠાવ ન લેવાય.
૩૩. પ્રસંગે ટેન્શનમાં જતું રહેવાય.
૩૪. કપટથી જીવાય.
૩૫. સંબંધવાળા આગળ દાસભાવે ન વર્તાય.
૩૬. સંબંધવાળા આગળ બનાવટ થાય.
૩૭. ડોળ અને દંભથી જીવાય.
૩૮. ઊંચા અવાજે બોલી જવાય.
૩૯. ગુણે કરીને મોટા હોય તેની સાથે દોસ્તી ન થાય.
૪૦. સત્સંગમાં બરોબરિયાપણું રહે.
૪૧. બાળકબુદ્ધિથી જીવાય.
૪૨. કટાક્ષથી બોલાય.
૪૩. ભક્તોની ઉપેક્ષા થાય.
૪૪. સત્સંગમાં ફલાણું-ઢીકણું થાય.
૪૫. પોતાના બ્રહ્માંડમાં જ રાચવું.
૪૬. મોટા સાથે ગુરુભાવ, સરખા સાથે મૈત્રીભાવ અને નાના સાથે માતૃભાવ ન રહે.
૪૭. 'મેં સરસ કામ કર્યું, મેં સરસ પ્રાર્થના કરી.' એ અહમ્‌થી બોલાય.
૪૮. સાત્વિકભાવ રાખવો.
૪૯. અતિ ઉતાવળી પ્રકૃતિ હોવી.
૫૦. અતિ ઠંડી પ્રકૃતિ હોવી.
૫૧. ઈમોશ્નાલીટી હોવી.

૫૨. 'આ દેહ તે હું છું.' એવું દેહાભિમાન રાખવું.
૫૩. નાત, જાત, ગામ વગેરેનું જાણપણું રહે તે.
૫૪. પોતાની જાતનું (ગુણનું) પ્રદર્શન કરવું.
૫૫. ગ્રુપીઝમ કરવું.
૫૬. બીજાને પોતાની રીતે વર્તાવવા.
૫૭. પોતામાં જ રાચ્યા કરવું.
૫૮. મેળવીને કામ ન થાય.
૫૯. ઠઠ્ઠા-મશ્કરી કરવા.
૬૦. બીજાને સુચન કરવાનો સ્વભાવ.
૬૧. શિષ્યોની મહોબત-સારપમાં ફસાવાય.
૬૨. પ્રસંગે ધીરજ ન રહે.
૬૩. પ્રસંગે મિઠાશ જતી રહે.
૬૪. ભક્તો આગળ અટંટાઈ રહે.
૬૫. વચનામૃત ગઢડા મધ્ય-૪૧ તરફ નજર ન રહે.
૬૬. ભક્તોને 'તું' કારીને બોલાવાય.
૬૭. દેહે કરીને નમતા ન રહેવાય.
૬૮. ખોટી દલીલો કરવી.
૬૯. કોઈની ભુલ પર હસવું તે.
૭૦. બીજાને જાણપણું આપવું.
૭૧. બીજાના કાજી થવું.
૭૨. સારાભાઈ થવું.
૭૩. બીજાને વિશે અભિપ્રાય બાંધવો.
૭૪. ભક્તોની ઘસારાની વાત કરવી.
૭૫. સત્સંગમાં મોળી વાત કરવું.
૭૬. કોઈના વિશે અરુચિ ઊભી થવી.
૭૭. સ્થૂળ બુદ્ધિથી જોયા કરવું.

૭૮. ધોબીએ ધોબી થવું.

૭૯. બીજા પર અધિકાર જમાવવો.

૮૦. મોઢું બગાડીને વાત કરવી.

૮૧. વાતવાતમાં તોબરો ચઢી જવો.

૮૨. આત્મઘાત કરવાનું મન થાય.

૮૩. પોતાની સમજણ બીજા પર લદાય.

૮૪. બરોબરિયા સાથે જ દોસ્તી રહે.

૮૫. પટલાઈ કરવી.

૮૬. ભક્તો સાથે આંટી પડી જાય.

૮૭. બરાડા પાડીને બોલવું.

૮૮. કોઈના વિશે પૂર્વગ્રહ બાંધવો.

૮૯. કોઈને કટુ શબ્દો કહેવા.

૯૦. 'તારે લઈને હું' એ જાણપણે ન જીવાય.

૯૧. મન,બુદ્ધિ,ચિત્ત, અહમ્‌ને સાથ આપી દેવાય.

૯૨. અહોહોભાવે સેવા ન થાય.

૯૩. વડીલ સંતો ભક્તોના દર્શન અહોહોભાવે ન થાય.

૯૪. સંબંધવાળાનો મહિમા ન સમજાય.

૯૫. વડીલોના સુચન મીઠાશથી ન સ્વીકારાય.

૯૬. વડીલોના સ્વભાવ મીઠાશથી ન ગમાડીએ.

૯૭. સેવા વખતે શોધવા પડે.

૯૮. હરિભક્તોને પગે ન લાગી શકાય.

૯૯. કથા કરવાનો રાગ હોય.

૧૦૦. ઉદાસીનતામાં બેસી રહેવાનું મન થાય.